# નાર અને માલધારી

ભારતીય ભૂખરો નાર એક ખૂબ જ ખાસ પ્રાણી છે કારણ કે તે સમગ્ર વિશ્વમાં નાર નો સૌથી જૂનો પ્રકાર છે. તે બીજા નાર  દેખાયા તેના પહેલાંથી પણ, ઘણા લાંબા સમયથી અસ્તિત્વમાં છે.

નાર ઘેટાં, બકરાં, હરણ, કાળિયાર અને નીલગાય જેવાં પ્રાણીઓ ખાય છે. તેઓ ફળો પણ ખાય છે.

નાર પથ્થરની ગુફાઓમાં રહેઠાણ બનાવે છે, જે તેમના બચ્ચાઓ માટે મહત્વપૂર્ણ આશ્રય પૂરો પાડે છે.

નાર પર્યાવરણમાં એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે કારણ કે તેઓ ઉંદર અને હરણ જેવા પ્રાણીઓની સંખ્યાને નિયંત્રિત કરીને પ્રકૃતિનું સંતુલન જાળવી રાખે છે.

નાર અને માલધારીઓ હજારો વર્ષોથી એક લાંબો સંબંધ ધરાવતાં આવ્યા છે. ક્યારેક-ક્યારેક, નાર માલધારીઓ અને તેમના ઘેટાં-બકરાંનો લાંબા અંતર સુધી, ૧૦૦ કિલોમીટર સુધી પણ પીછો કરે છે.



ગુગલિયાણા ગામના વડીલ માલધારીઓ યાદ કરે છે કે તેઓ જ્યારે તેમના ઘેટાં-બકરાં લઈને ખેડા જિલ્લા તરફ ચાલતા જતા, ત્યારે નાર અમદાવાદ જિલ્લાના બગોદરા સુધી તેમનો પીછો કરતાં!

ગુગલિયાણામાં રહેતાં જમીબેન, એક ૯૦ વર્ષીય માલધારી, યાદ કરે છે કે જ્યારે તેઓ યુવાન હતાં અને ઘેટાં ચરાવતા, ત્યારે તેમણે એક જ સમયે સાત નાર જોયાં હતાં. હવે, એક પણ નારને જોવું મુશ્કેલ છે.